BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# બ્રેમ્પટન સીટીઝન ઍવોર્ડ્સ ઉત્કૃષ્ટ સામુદાયિક સભ્યોને વખાણે છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 3, 2021) – આ વર્ષે, સીટી ઓફ઼ બ્રેમ્પટન વર્ષ 2019 અને 2020 માં ઉત્કૃષ્ટ ઉપલબ્ધિઓ હાંસલ કરનાર 175 ઉપરાંત રહેવાસીઓને ઓળખ આપશે અને તેઓના વખાણ કરશે.

વર્ષ 1974 માં સ્થાપિત, બ્રેમ્પટન સીટીઝન ઍવોર્ડ્સે સાત શ્રેણીઓમાં સાથી નાગરિકોએ નામાંકિત કરેલા 3,500 ઉપરાંત ઉત્કૃષ્ટ રહેવાસીઓને ઓળખ આપી છે:

- સ્પોર્ટ્સ એચિવમેન્ટ (રમતગમતમાં ઉપલબ્ધિ) - પ્રાંતીય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મેળવનાર વ્યક્તિ કે ટીમની ઉપલબ્ધિઓને ઍવોર્ડ આપવામાં આવે છે;
- આર્ટ્સ અક્લેઈમ (કળા પ્રશંસા) - એ વ્યક્તિઓને ઓળખ આપે છે જેઓના ફાળાથી સ્થાનિક, પ્રાંતીય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય પ્રશંસા હાસલ કરવાના સંદર્ભમાં નોંધપાત્ર પ્રભાવ પાડ્યો હોય;
- ઈન્સ્પિરેશનલ ઍવોર્ડ (પ્રેરણાલક્ષી પુરસ્કાર) - બ્રેમ્પટનના એ રહેવાસીઓને ઓળખ આપે છે જેઓ માયાળુ કામગીરીની હિમાયત કે મહાવરો કરતા હોય, અથવા જેઓએ અન્ય લોકો પર પ્રેરણાત્મક પ્રભાવ પાડ્યો હોય;
- લોંગ ટર્મ સર્વિસ (લાંબા ગાળાની સેવા) - 10 વર્ષ, 25 વર્ષ, 35 વર્ષ અને 50 વર્ષની શ્રેણીઓમાં, એ સમર્પિત સ્વયંસેવકોને ઓળખ આપે છે જેઓના પ્રયત્નોએ મનોરંજનલક્ષી રમતો, કળા અને સામુદાયિક સામાજીક સેવાઓ વિકસાવવા અને તેમાં આગળ વધવા માટે નોંધપાત્ર પ્રભાવ પાડ્યો હોય.
- ઈમરજન્સી સર્વિસીસ ઍવોર્ડ ઓફ઼ વેલોર (કટોકટી સેવાઓ માટે વીરતા પુરસ્કાર) - એક વ્યક્તિ કે વ્યક્તિઓ, જેઓએ બીજી કોઈ વ્યક્તિનું જીવન બચાવવા પરાક્રમી કાર્ય કરીને પોતાના જીવને/જીવનને સ્વૈચ્છિકપણે જોખમમાં મૂક્યું હોય;
- સીટીઝન ઓફ઼ ધી ઈયર - ચોક્કસ પ્રવૃત્તિ કે ફાળાને બદલે સર્વાંગી સામુદાયિક સંડોવણી દર્શાવનાર બ્રેમ્પટનના સ્વયંસેવકોને ઓળખ આપે છે. આ ઍવોર્ડ એ જુવાન, પુખ્ત અને વડીલ વ્યક્તિને આપવામાં આવે છે જેઓ સમુદાયને ઊંચું લાવવા પ્રયત્નશીલ હોય અને દેખાડે કે જુસ્સો અને નિર્ધારણથી શું હાસલ કરી શકાય છે; અને,
- કૅન જાઈલ્સ (Ken Giles) એમેચ્યોર એથલીટ ઓફ઼ ધી ઈયર ઍવોર્ડ - બ્રેમ્પટન ગાર્ડિયન ન્યૂઝપેપર સાથેની ભાગીદારીમાં આપવામાં આવે છે, પોતાની સંબંધિત રમતના કલાપ્રેમી સ્તરે નોંધપાત્ર પ્રભાવ પાડનાર અથવા અપવાદમય ઉપલબ્ધિ મેળવનાર વ્યક્તિને ઓળખ આપે છે.

ઍવોર્ડ શ્રેણીઓમાં જે તે વિષયમાં નિપુણતા ધરાવતા સામુદાયિક સભ્યોની બનેલી સીટીઝન્સ ઍવોર્ડ્સ સિલેક્શન કમિટીએ નામાંકનોની સમીક્ષા બ્રેમ્પટન કાઉન્સિલર્સ, વોલ્યન્ટીયર MBC, બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, બ્રેમ્પટન સ્પોર્ટ્સ એલાયન્સ, બ્રેમ્પટન સીનિયર્સ કાઉન્સિલ અને પીલ રીજીયનલ પોલીસની સાથે મળીને કરી હતી.

2019 અને 2020 નાં વિજેતાઓની યાદી જોવા વેબસાઈટ જુઓ, [સીટી ઓફ઼ બ્રેમ્પટન | સીટીઝન્સ ઍવોર્ડ્સ]. ઍવોર્ડ વિજેતાઓને સોશિયલ મીડિયા, સમુદાયમાં જાહેરાત અને પોસ્ટર્સ મારફતે ઓળખ આપવામાં આવશે.

**અવતરણો (ક્વોટ્સ):**

“સીટી ઓફ઼ બ્રેમ્પટન સમુદાયમાંના ઘણાં ઉત્કૃષ્ટ નાગરિકોને ઓળખ અપાવવામાં ગૌરવ અનુભવે છે અને તેઓની લાંબા સમયની સ્વયંસેવક સેવાઓ; વીરતા કાર્યો; પ્રેરણામયી કાર્યો; અને, બ્રેમ્પટન્સ સીટીઝન ઓફ઼ ધી ઈયર ઉપરાંત સ્પોર્ટ્સ અને આર્ટ્સમાં પ્રસંશનીય ઉપલબ્ધિઓને વખાણે છે.”

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

“આપણાં રહેવાસીઓએ COVID-19 વૈશ્વિક મહામારી પહેલાં અને તે દરમિયાન આપેલા ઘણાં ફાળાઓને ઓળખ આપવી અને વખાણવા એ મહત્વની બાબત છે. આર્ટ્સ અને સ્પોર્ટ્સમાં ઉદારતાપૂર્વક પોતાનો સમય આપનાર અને અંગત ઉપલબ્ધિઓ મેળવનાર સંખ્યાબંધ લોકો ખરેખર બિલકુલ નોંધપાત્ર છે. મને અહીં બ્રેમ્પટનમાં આપણી સામુદાયિક ભાવનાનું બહુ ગૌરવ થાય છે.”

- *માર્ટિન મૅડીરોસ (Martin Medeiros), રીજીયનલ કાઉન્સિલર, વોર્ડ્સ 3 અને 4, પ્રમુખ, બ્રેમ્પટન સીટીઝન ઍવોર્ડ્સ, સીટી ઓફ બ્રેમ્પટન*

COVID-19 વૈશ્વિક મહામારીને લીધે, સીટી ઓફ બ્રેમ્પટન વર્ષ 2019 નાં બ્રેમ્પટન સીટીઝન્સ ઍવોર્ડ્સ મેળવનારાઓને સ્વીકારવા રૂબરૂ પ્રસંગનું આયોજન કરવામાં અસમર્થ રહ્યું હતું. આ વર્ષે, આપણે 2019 અને 2020 માં પોતાના સમયનો ફાળો આપનાર અને અંગત ઉપલબ્ધિઓ મેળવનાર સંખ્યાબંધ લોકોને વખાણીશું. અમે સૌ સહભાગીઓનો આભાર માનીએ છીએ અને બધાં ઍવોર્ડ મેળવનારાઓને અભિનંદન આપીએ છીએ!”

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca